ગાંધીનગર સમાચાર

પેટા ચૂંટણીના પરિણામોમાં ભાજપને નિરાશા

બિહાર પેટાચૂંટણી : લાલુ, નિતિશ અને કોંગ્રેસના ગઠબંધનને છ સીટ

પટણા, તા. ૨૫

બિહારમાં ૧૦ બેઠકોની પેટાચુંટણીના પરિણામ આજે જાહેર થતાં લાલુ પ્રસાદ યાદવ અને નીતિશકુમારના ગઠબંધનને ફાયદો થયો હતો. આરજેડી, જેડીયુ અને કોંગ્રેસના ગઠબંધને ૧૦ બેઠકો પૈકીની ૬ બેઠકો જીતી લીધી હતી. જ્યારે ભાજપે ચાર બેઠકો પર કબ્જો જમાવ્યો હતો. ૨૧મી ઓગસ્ટના દિવસે પેટાચુંટણી માટે મતદાન યોજાયું હતું. પરંતુ ઓછું મતદાન રહેતા ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. જેડીયુ અને કોંગ્રેસની સાથે મળીને જોડાણ કરતા લાલુની પાર્ટી આરજેડીને મોટો ફાયદો થયો છે. લાલુએ પ્રતિક્રિયામાં કહ્યું હતું કે, મતદારોએ લોકસભાની ચુંટણીમાં કરેલી ભુલ સુધારી લીધી છે. બીજીબાજુ બિહારના પૂર્વ મુખ્યમંત્રી નિતિશકુમારે કહ્યું હતું કે, પેટાચુંટણીના પરિણામથી અમે ખુશ છીએ. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચુંટણીમાં ભાજપે ૪૦ પૈકીની ૩૧ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો. ભાજપે એલજેપી અને આરએલએસપી સાથે મળીને લોકસભાની ચુંટણી લડી હતી. અગાઉ આજે સવારે ભારે ઉત્તેજનાપૂર્ણ વાતાવરણ વચ્ચે મતગણતરી શરૂ થઇ હતી અને પ્રાથમિક પ્રવાહ મળવા લાગી ગયા હતા. તમામ રાજકીય પાર્ટીની નજર બિહારમાં પેટાચૂંટમી પર કેન્દ્રિત થઇ ગઇ હતી.

બિહાર ઉપરાંત કર્ણાટક, મધ્યપ્રદેશ અને પંજાબમાં પેટાચૂંટણી માટે મતદાન યોજાયા બાદ મતગણતરી શરૂ થઇ હતી. કુલ ૧૮ બેઠકોની પેટાચૂંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવનાર છે. જો કે, તમામ લોકોની નજર બિહારમાં યોજાયેલી ૧૦ બેઠકોની પેટાચૂંટણીના પરિણામ પર જ કેન્દ્રિત રહી હતી. કારણ કે, ભાજપને પછડાટ આપવા માટે હાલમાં જ લાલૂ પ્રસાદ યાદવ અને નીતિશકુમારે હાથ મિલાવ્યા છે. આ બંને વર્ષોથી એક બીજાના કટ્ટર હરીફ તરીકે રહ્યા હતા પરંતુ હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં લાલૂ યાદવની આરજેડી અને નીતિશકુમારની જેડીયુનો સંપૂર્ણ સફાયો થયા બાદ મોદી લહેરને રોકવા માટે લાલૂ અને નીતિશ ગઠબંધન કરીને પેટાચૂંટણીમાં ઉતર્યા હતા. ઓછું

મતદાન થયા બાદ કોની તરફેણમાં ચુકાદા જશે તેને લઇને ભારે સસ્પેન્સની સ્થિતિ ગઇકાલથી પ્રવર્તી રહી હતી. મતગણતરીને લઇને તમામ તૈયારી ગઇકાલે જ કરી લેવામાં આવી હતી. લોકસભાની ચૂંટણીમાં ભાજપે ઐતિહાસિક જીત મેળવ્યા બાદ ચાર રાજ્યોમાં યોજાયેલી પેટાચૂંટણી ઉપર તમામની નજર કેન્દ્રિત હતી.

બિહારમાં ૧૦, કર્ણાટકમાં ત્રણ, મધ્યપ્રદેશમાં ત્રણ અને પંજાબમાં બે બેઠકો માટે પેટાચૂંટણી યોજાઈ હતી.બિહારમાં જે બેઠકોની પેટાચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવનાર છે તેમાં નરકટિયાગંજ, રાજનગર, છપરા, હાજીપુર, મોહિઉદ્દીન, પરબત્તા, ભાગલપુર, બાંકા, મોહનિયાનો સમાવેશ થાય છે. આ ચૂંટણીને લઇને સમગ્ર બિહાર અને ખાસ કરીને ઉત્તર બિહારમાં રાજકીય ગરમી વધી ગઇ હતી. છેલ્લા કેટલાક દિવસથી તમામ રાજકીય પક્ષો આ મતવિસ્તારોમાં રહેતા મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ કરી રહ્યા હતા. મતદાન મથકો પર સુરક્ષા વ્યવસ્થા પણ મજબુત કરવામાં આવી હતી.

કર્ણાટક ચુંટણી : કોંગ્રેસે બે, ભાજપને ૧ બેઠક

બેંગલોર,તા. ૨૫

કર્ણાટકના મુખ્યમંત્રી સીધારમૈયાને આજે મોટી રાહત થઈ હતી. પક્ષની અંદર નારાજગીનો સામનો કરી રહેલા મુખ્યમંત્રીને પેટાચુંટણીમાં રાહત થઈ છે. શાસક કોંગ્રેસ પાર્ટીએ ત્રણ વિધાનસભા બેઠકોની પેટાચુંટણીમાં બે બેઠકો જીતી લીધી છે. બેલ્લારી, સિકારીપુર અને ચિકોડી બેઠકો પર પેટાચુંટણી યોજાઈ હતી. કોંગ્રેસે ભાજપ પાસેથી બેલ્લારી ગ્રામીણ બેઠક આંચકી લીધી છે. જ્યારે ચિકોડી-સડાલગા બેઠકને જાળવી રાખી છે. બીજીબાજુ પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદીયુરપ્પા સિકારીપુરમાં તેમનો પ્રભુત્વ જાળવી રાખવામાં સફળ રહ્યા છે. તેમના પુત્ર રાગવેન્દ્રએ આ બેઠક જીતી લીધી છે. ત્રણ મત વિસ્તારમાં સીધારામૈયાએ બિલ્લારી ગ્રામીણને ખૂબ જ ગંભીરતાપૂર્વક લીધી હતી. ચુંટણી પ્રચારની જવાબદારી ઉર્જા પ્રધાન બીકેસિંહ કુમારને સોંપવામાં આવી હતી. બેલ્લારી ગ્રામીણમાં કોંગ્રેસના ઉમેદવાર ગોપાલકૃષ્ણએ ૩૩૧૦૪ મતે ભાજપના ઓબાલેસ ઉપર જીત મેળવી હતી. જ્યારે શિકારીપુરમાં રાગવેન્દ્રએ કોંગ્રેસના ગૌડા ઉપર ૬૪૩૦ મતે જીત મેળવી હતી. કર્ણાટક અને બિહારમાં પેટાચુંટણી ભાજપ માટે નિરાશાજનક રહી છે. કારણકે, અહીં લોકસભા ચુંટણીની સરખામણીમાં ભાજપને ઓછી સફળતા હાથ લાગી છે.

કેરળના રાજ્યપાલ દીક્ષિતની રાજનાથસિંહ સાથે વાતચીત

નવી દિલ્હી, તા.૨૫

કેરળના રાજ્યપાલ શીલા દીક્ષિત આજે કેન્દ્રીય ગૃહપ્રધાન રાજનાથસિંહને મળ્યા હતા. પ્રાપ્ત અહેવાલ મુજબ, શીલા દીક્ષિત ટુંક સમયમાં જ રાજીનામું આપે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મોડી સાંજે શીલા દીક્ષિત રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પણ મળ્યા હતા. ગૃહપ્રધાન સાથે ૧૫ મીનિટની વાતચીત દરમિયાન શીલા દીક્ષિતે થીરુવનંતાપુરમ રાજભવનમાં જારી રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. બન્ને પક્ષો તરફથી વિગતો જાહેર કરવામાં આવી નથી. પત્રકારો સાથે વાતચીત કરતા શીલા દીક્ષિતે મીટિંગના સંદર્ભમાં કોઈ ખુલાસો કર્યો નહતો. ગૃહપ્રધાન સાથે બેઠક બાદ શીલા દીક્ષિતે કેરળના રાજ્યપાલ તરીકે તેઓ રાજીનામું આપશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા માત્ર અફવાહ તરીકે ગણાવી હતી. એનડીએ સરકારે અગાઉ સુચના આપ્યા બાદ શીલા દીક્ષિતે રાજીનામું આપવાનો ઈન્કાર કર્યો હતો. એવી ચર્ચા પણ રહી છે કે, ભૂતપૂર્વ

મુખ્યમંત્રીને ઉત્તરપૂર્વમાં કોઈ જગ્યાએ ખસેડવામા આવી શકે છે. રવિવારના દિવસે જ મહારાષ્ટ્રના રાજ્યપાલ કે શંકર નારાયણન રાજીનામું આપ્યું હતું. તેમની મિઝોરમમાં બદલી કરવામાં આવ્યા બાદ નારાજગી વ્યક્ત કરીને તેઓએ રાજીનામું આપ્યું હતું. તેમની અવધિ ૨૦૧૭ સુધી હતી.

કેન્દ્રીય ગૃહ સચિવ અનિલ ગોસ્વામીએ મોદી સરકાર સત્તામાં આવ્યા બાદ ઘણા રાજ્યપાલોને ફોન કરીને રાજીનામું આપવા માટે કહ્યું હતું. જે પૈકી શંકર નારાયણ પણ એક હતા. એનડીએ સરકારે મિઝોરમના રાજ્યપાલ કમલા બેનીવાલની હકાલપટ્ટી કરી હતી. બેનીવાલ અગાઉ ગુજરાતમાં રાજ્યપાલ તરીકે હતા.નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે કમલા બેનીવાલની વિવિધ મુદ્દાઓ સાથે ખેંચતાણ રહી હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા વિરેન્દ્ર કતારીયાની ગયા મહિને પોંડીચેરીના લેફ્ટી ગર્વનર તરીકે હકાલપટ્ટી કરાઈ હતી. અન્ય ચાર રાજ્યપાલો પણ તેમના રાજીનામા આપી ચુક્યા છે.

બીએસએફની ૪૦ ચોકીઓ પર પાકિસ્તાનનો ભીષણ ગોળીબાર

પાકિસ્તાનના ગોળીબારમાં ત્રણ લોકો ઈજાગ્રસ્ત : લોકોમાં દહેશત

નવી દિલ્હી,તા. ૨૫

પાકિસ્તાની જવાનોએ યુદ્ધવિરામનો ભંગ જારીને સરહદ પર સતત ગોળીબાર કર્યો છે. આજે ફરી પાકિસ્તાની જવાનોએ જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ બીએસએફની ૪૦ ચોકીઓ અને ૨૪ ગામોને ટાર્ગેટ બનાવીને જોરદાર ગોળીબાર કર્યો હતો. આ ગોળીબારમાં ત્રણ લોકોને ઈજા થઈ હોવાનું જાણવા મળ્યું છે. જમ્મુ અને સાંબા જિલ્લામાં અંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ગોળીબાર કરાયો હતો. બીએસએફના જવાનોએ પણ જડબાતોડ જવાબ આપ્યો હતો. પાકિસ્તાની સૈનિકોએ પ્રથમ વખત સાંબા જિલ્લામાં યુદ્ધવિરામનો ભંગ કર્યો છે. ૨૪ સરહદી ગામોને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કરાયો હતો. જેમાં ત્રણ નાગરીકો ઘાયલ થયા હતા ફ્લોર ગામમાં બે અને કોથાર ગામમાં એકને ઈજા થઈ હતી. પશુઓને પણ ઈજા થઈ હતી.પાકિસ્તાન દ્વારા સતત કરવામાં આવી રહેલા ગોળીબારના કારણે આસપાસના ગામોમાં રહેતા લોકોમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાની જવાનોએ રામગઢ, અરનિયા, આરએસ પુરા અને કનાચક સેક્ટરમાં ગોળીબાર કર્યો હતો. રવિવારે રાત્રે ૧૦ વાગે ગોળીબાર શરૂ થયા બાદ સવાર સુધી ગોળીબાર જારી રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે પાકિસ્તાની સૈનિકોએ ગઇકાલે પણ જમ્મુ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક અરનિયા વિસ્તાર અને આરએસપુરામાં બીએસએફની ચોકીઓ અને ગામોને ટાર્ગેટ બનાવીને ગોળીબાર જારી રાખ્યો હતો .પાકિસ્તાની સૈનિકોએ આરએસપુરા અને અરનિયામાં તમામ સરહદી ચોકીઓને ટાર્ગેટ બનાવીને નાની રેન્જ ધરાવતા હથિયારોનો ઉપયોગ કરીને ગોળીબાર કર્યો હતો. આ

વિસ્તારમાં સરહદ નજીક આવેલા ગામોમાં પણ ગોળીબાર કર્યો હતો .ગઇકાલે આરએસપુરમાં બીએસએફની ૧૨ અને અરનિયા સેક્ટરમાં ૧૦ ચોકીઓને ટાર્ગેટ બનાવીને ગોળીબાર કરવામાં આવ્યો હતો .છેલ્લા ૧૩ દિવસના ગાળામાં જ પાકિસ્તાની સૈનિકોએ ૧૬ વખત યુદ્ધવિરામનો ભંગ કર્યો છે.કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ભારત ૧૫૧૦૬ કિલોમીટર લાંબી આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે જે પૈકી પાકિસ્તાન સાથે ૩૩૨૩ કિલોમીટર લાંબી સરહદ ધરાવે છે જે કુલ પૈકી ૨૨ ટકાની આસપાસ છે. ૨૦૧૪માં અંકુશરેખા ઉપર ૨૨મી જુલાઈ સુધી પાકિસ્તાને ૪૯ વખત યુદ્ધ વિરામનો ભંગ કર્યો હતો જે ખુબ જ વધારે છે. છેલ્લા ૧૩ દિવસના ગાળામાં બીજા ૧૬ યુદ્ધ વિરામ ભંગના બનાવોને આવરી લેવામાં આવે તો ૬૫ વખત યુદ્ધ વિરામનો ભંગ થઇ ચુક્યો છે. આ વર્ષે સરેરાશ ૮૬ યુદ્ધ વિરામ ભંગના બનાવ થયા છે. ૨૦૦૯થી ૨૦૧૪ના ગાળા દરમિયાન કુલ યુદ્ધ વિરામ ભંગના આંકડાને ગણવામાં આવે તો આ આંકડો ૪૩૨ પર પહોંચે છે. પાકિસ્તાન દ્વારા કરવામાં આવી રહેલા ગોળીબારનો જવાનો જવાબ આપી રહ્યા છે પરંતુ પાકિસ્તાન દ્વારા અવિરતપણ ગોળીબાર કરવામાં આવી રહ્યો છે.

સપ્ટેમ્બર માસમાં ડુંગળીના ભાવમાં ફરી વધારો થઇ શકે

નવી દિલ્હી,તા. ૨૫

સરકાર દ્વારા રોકવામાં આવેલી કોમોડીટી કંપનીએ એવી વાત કરીને સામાન્ય લોકોની ચિંતા વધારી દીધી છે કે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ડુંગળીના હબાવ વધી શકે છે. તહેવારની સિઝન દરમિયાન ભાવમાં વધારો થવા માટે કેટલાક કારણો આપવામાં આવી રહ્યા છે. જીવનજરૂરી ચીજવસ્તુઓ અંગે બજારમાં રહેલી સ્થિતી અંગે માહિતી આપવા માટે સરકાર દ્વારા રોકવામાં આવેલી આ કંપનીએ કહ્યુંછે કેસરકારને ડુગંળીની આયાત કરવાની ફરડ પડી શકે છે. વાવણી, પાકના આગમન અને સ્ટોક અંગે માહિતી ધરાવનાર ભારતીય એગ્રી બિઝનેસ સિસ્ટમ પ્રાઈવેટ લિમીટેડ દ્વારા જણાવવામાં આવ્યુંછે કે શિયાળાની શરૂઆત થયા બાદ જ સ્થિતી હળવી બની શકે છે. જો કે એગ્રી બિઝનેસ સિસ્ટમ લિમીટેડે ભાવ નિરીક્ષણ ડેટા અંગે માહિતી આપવાનો ઈન્કાર કરી દીધો છે. પરંતુ કહ્યું છે કે સપ્ટેમ્બર અને ઓક્ટોબર ખુબ મહત્વૂપર્ણ રહી શકે છે. બીજી બાજુ અન્ય અહેવાલમાં જાણવા મળ્યું છે કે મોટા માર્કેટમાં ડુંગળીનો જથ્થો અપેક્ષા કરતા ઓછા પ્રમાણમાં પહોંચી શકે છે. ફેબ્રુઆરી મહિનામાં વાવાઝોડાના કારમે ડુગળીના પાકને ભારે નુકસાન થયુંહતુ.

બીજી બાજુ મોનસુનમાં વિલંબ થવાના કારણે વાવણીમાં પણ વિલંબ થયો હતો. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કેઓગષ્ટના ત્રીજા સપ્તાહમાં ડુગળીનો જથ્થો ગયા વર્ષે આ જ ગાળા કરતા ૧૦ટકા ઓછો રહ્યો છે. જુલાઈ મહિનામાં રીટેલ ફુગાવો ૭.૯૬ ટકા હતો જે જુન મહિનામાં ૭.૪૬ ટકા હતો. નવા અહેવાલથી સામાન્ય લોકોમાં ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. આગામી દિવસોમાં લોકોની તકલીફ વધે તેવા સંકેત છે.

હરિયાળું હરણોઘાન (પાના નં. ૪ નું ચાલુ)

ગાભાજી મને એમ લાગે છે કે તમારે ઘેર જવું હશે ખરું ને, જવું હોય તો જાવ. બાર વાગી ગયા છે. તમારો રીસેશનો ટાઇમ થઇ ગયો છે. તે મારી સામે ક્યાંય સુધી જોતા રહે છે મારા વિશે એ શું વિચારતા હશે. તેમની આંખોમાં તેજ વર્તાતું નથી. વાળ ભુખરા થઇ ગયા છે. સવારથી સફાઇ કરતા હોવાથી કપડાં પર ધૂળની ખેપટ લાગેલી દેખાય છે. શરીર પરસેવે રેબઝેબ થયેલું છે. તે હવે સાવરણો એક બાજુ મુકી દે છે.

'ગાભાજી તમને કેટલા વરસ થયાં?'

'ખબર નથી પણ હવે બહુ બાકી નથી.'

'તમે પહેલેથી આજ કામ કરો છો?' મેં પુછ્યું.

'ના.. ના.. સાહેબ શરૂણાં તો હું નર્સરીમાં કામ કરતો હતો. પછી આ પાર્કની શરૂઆત થતાં ઝાડી ઝાંખરાંની સાફ સફાઇ અને રસ્તા બનાવવાના કામે અમને રાખેલા.'

'તમને એટલે?'

'હું, આત્મારામ. કાળા શકરા, કાળા બબા રાવળ, અમરસીંગ...'

'તો તો, તમે બધા આ પાર્ક થયો તે પહેલાંથી અહીં કામ કરતા હતા ખરૂં ને?'

'હાં, સાહેબ, અહીં તો પહેલા કંઇ જ નહોતું, આ કોતરો ખુબ બિહામણાં, નાનાં નાનાં ઝાડીઝાંખરા સિવાય કંઇ ન મળે. દિવસ દરમિયાન કોઇ કોઇ માણસોને કંઇ કામકાજ હોય તો નીકળે. ધોળાકુવા અને ઇન્દ્રોડા ગામના વચ્ચે લોકોની થોડી અવરજવર બાકી આ વિસ્તાર ભૈકાર લાગે. પણ ત્યારે સાહેબ એક વાતનું સુખ હતું.'

'એ વળી ક્યું?'

'આ નદી ત્યારે બે કાંઠે વહેતી,' હવે તો ધૂળ ઊડે છે ધૂળ. પાણી તો રહ્યું નથી પણ હવે લોકો તેની રેતીને પણ રહેવા નહીં દે એવું લાગે છે. રાત ને દિવસ ટેક્ટરરો નદીના પટમાં ફરતાં જોઉં છું ને ઘણી ઘણી જુની વાતો યાદ આવે છે. કહેતાં ગાભાજી મારી સામે બેસી પડ્યા. કદાચ થાકી ગયા હશે. અમે મને લાગ્યું પણ એ તો ભૂતકાળમાં ખોવાઇ ગયા હતા.

ક્રિકેટર યુવરાજસિંહના પિતાની ધરપકડ કરાઈ

પંચકુલા, તા. ૨૫

હરિયાણા પોલીસે સ્ટાર ક્રિકેટર યુવરાજસિંહના પિતા યોગરાજસિંહની ધરપકડ કરી લીધી છે. પંચકુલા શહેરમાં કાર પાર્કિંગ મુદ્દે મારામારીનો કેસ તેમના પર કરવામાં આવ્યો છે. પૂર્વ ક્રિકેટર યોગરાજની મોડી રાત્રે ધરપકડ કરવામાં આવી હતી. તેમના મિત્ર અને એનઆરઆઈ સંબંધી અને પડોશીઓ વચ્ચે હિંસક અથડામણ બાદ મોડી રાત્રે ધરપકડ કરી લેવાઈ હતી. યોગરાજ અને તેમના મિત્રએ પૂર્વ ડીએસપી અને તેમના બે પુત્રો પર હુમલો કરી દીધો હતો. યોગરાજની સાથે પંચકુલા પોલીસે વધુ ચાર લોકોની ધરપકડ કરી છે.બન્ને પક્ષો સામે એફઆઈઆર દાખલ કરાઈ છે.

ગાંધી ફિલ્મના નિર્દેશક એટેનબરાનું અવસાન

નવી દિલ્હી, તા.૨૫

ગાંધી ફિલ્મના નિર્દેશક રિચર્ડ એટેનબરાનું આજે અવસાન થયું હતું. તેમના પુત્ર માઈકલ એટેનબરાએ માહિતી આપતા કહ્યું હતું કે, જમતીવેળા તેમના પિતાનું અવસાન થયું હતું. લાંબા સમયથી તેમની તબીયત ઠીક નહતી

અને વ્હીલચેર પર હતા. આજથી છ વર્ષ પહેલા સીડી પરથી પડી જતાં તેમને ઈજા થઈ હતી અને ત્યારબાદથી વ્હીલચેર પર જ હતા.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન પર બનાવવામાં આવેલી ગાંધી ફિલ્મને લઈને એટેનબેરાને ખૂબ લોકપ્રિયતા મળી હતી. આ ફિલ્મને વિશ્વભરમાં પ્રશંસા મળી હતી. આ ઉપરાંત તેઓએ અનેક ફિલ્મો બનાવી હતી. બ્રિટીશ અભિનેતા તરીકે અનેક ફિલ્મોમાં તેમણે ભૂમિકા ભજવી હતી. એટેનબરા બ્રાઈટન રોકમાં પણ અભિનેતા તરીકે હતા. ત્યારબાદ ડાયનાસોર્સ પર બનેલી ફિલ્મ જુરાસીક પાર્ક ફિલ્મનો પણ હિસ્સો રહ્યા હતા. ગાંધી ફિલ્મને બે ઓસ્કાર એવોર્ડ પણ મળ્યા હતા. એટેનબરાને ગાંધી માટે એકેડમી એવોર્ડ પણ મળ્યા હતા.

૧૯૯૩ બાદની તમામ કોલસા બ્લોકની ફાળવણી રદ

નવી દિલ્હી,તા. ૨૫

સુપ્રીમ કોર્ટે આજે ૧૯૯૩ બાદની તમામ કોલસા બ્લોકની ફાળવણીને ગેરકાયદે ગણાવી હતી. સુપ્રીમ કોર્ટે કારણ આપતા કહ્યું હતું કે, સમગ્ર પ્રક્રિયા વ્યાજબી, પારદર્શક ન હતી આમાં ઘણી બધી બેદરકારી રહી હતી. સુપ્રીમ કોર્ટે કડક આદેશ આપતા કહ્યું હતું કે, પ્રિ-હરાજીના યુગ પહેલા ૨૦૧૦ સુધી અથવા તો ૧૯૯૩ બાદની તમામ કોલસા બ્લોકની ફાળવણી ગેરકાયદે રીતે થઈ છે. કોલસા બ્લોક ફાળવણીની શરતોની ઝાટકણી કાઢતા સુપ્રીમે કહ્યુંહતુંકે, આ ફાળવણી સ્ક્રિનીંગ કમિટીના નિયમો મુજબ કરવામાં આવી હતી. આના લીધે શ્રેણીબદ્ધ બેદરકારી સપાટી પર આવી હતી. ચીફ જસ્ટીસ આરએમ લોઢાની બનેલી બેંચે કહ્યું હતું કે, કોઈપણ ધારાધોરણો આમાં પાડવામાં આવ્યા ન હતા. માર્ગદર્શીકાનો કોલસા બ્લોકની ફાળવણીમાં ભંગ કરવામાં આવ્યો હતો. ૧૯૯૩ બાદથી કોલસા બ્લોકની ફાળવણી દરમિયાન જરૂરી પારદર્શીતા જાળવવામાં આવી નહતી. કોર્ટે કહ્યું હતું કે, તમામ ફાળવણીમાં સ્વેચ્છીક નીતિ અપનાવી હતી. સુપ્રીમ

કોર્ટે પોતાના ચુકાદામાં ફાળવણીને ગેરકાયદે જણાવી છે પરંતુ ફાળવણીને રદ કરવાને લઈને કોઈ ચુકાદો આપ્યો નથી. તમામ ૨૧૮ ફાળવણીને રદ કરવામાં આવે કે કેમ, તેના પર નિર્ણય લેતા પહેલા સુનાવણી અને વિચારણા કરવાની જરૂર છે. એમ માનવામાં આવે છે કે, તમામ ફાળવણીને રદ કરવા અંગેનો ચુકાદો પહેલી સપ્ટેમ્બરના દિવસે આગામી સુનાવણી દરમિયાન લેવામાં આવી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટની બેંચે ૧૯૪ કોલસા બ્લોકની ફાળવણીમાં અનિયમિતતાની સુનાવણી કરતીવેળા આ આદેશ આપ્યો હતો.

આ કોલસા બ્લોક ઝારખંડ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા અને મધ્યપ્રદેશમાં ખાનગી કંપનીઓ અને પાર્ટીઓને વર્ષ ૨૦૦૪થી ૨૦૧૧ વચ્ચે ફાળવવામાં આવ્યા હતા. સુનાવણી કરી રહેલી પીઠમાં જસ્ટીસ એમબી લાકુર, કુરીયન જોસેફ સીબીઆઈ દ્વારા આ કૌભાંડની તપાસમાં નિરીક્ષણ કરી રહ્યા છે. સીબીઆઈએ કુલ ૨૩ કેસ દાખલ કર્યા હતા. ખાસ અદાલતની રચના પણ કેસોના પ્રોસીક્યુશનના સંદર્ભમાં કરવામાં આવી હતી. આ હાઈપ્રોફાઈલ કૌભાંડમાં અનેક રાજકારણીઓ અને ટોચના બિઝનેસમેનના નામ સપાટી ઉપર આવ્યા હતા. ૧૪મી સપ્ટેમ્બર ૨૦૧૨ના દિવસે સુપ્રીમ કોર્ટે વકીલ એમએલ શર્મા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ઉપર પ્રથમ નોટિસ જારી કરી હતી. સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે કોલસા બ્લોકની ફાળવણી માટે કેન્દ્ર સરકાર દ્વારા અપનાવવામાં આવેલી માર્ગદર્શિકાની વિગતો માંગી હતી સાથે સાથે આના માટે અપનાવવામાં આવેલી પ્રક્રિયાની પણ ચકાસણી કરી હતી. આમા કોઇ ગેરરીતિ રહી હતી કે કેમ તેમાં પણ ધ્યાન આપવામાં આવ્યું હતું. મોટાપાયે કોલસા બ્લોકની ફાળવણીને લઈને મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. આશરે ૧૯૪ કોલસા બ્લોકની ફાળવણીમાં વ્યાપક ગેરરીતિઓ થઈ હોવાની બાબત સપાટી ઉપર આવતા ખળભળાટ મચી ગયો હતો.

સમાચાર ઝલક

- **મહારાષ્ટ્રના રાજ્યપાલશ્રી શંકર નારાયણનું રાજીનામું. ગુજરાતના રાજ્યપાલ શ્રી કોહલીએ ચાર્જ સંભાળ્યો.**
- **ગુજરાતની સરહદે ૭૯ કિ.મી. તાર ફેન્સીંગ કરાઈ નથી.**
- **ગુજરાત મેરી ટાઈમ યુનિવર્સિટી સ્થપાશે.**
- **બનાસકાંઠામાં નર્મદા સાયફનનું પરીક્ષણ કર્યા વગર ઉદઘાટન કરાયું હતું.**
- **સહારા ગ્રૂપની મિલકત વેચાણની કાર્યવાહી વિલંબમાં.**
- **કાનપુરમાં કોમી અથડામણમાં ૧ નું મોત : ૬ ઘાયલ.**
- **આસામમાં પૂરની પરિસ્થિતિ ગંભીર બ્રહ્મપુત્રા ભયજનક સપાટીએ.**
- **સૂરતમાં ૨૦૦થી વધુ સોસાયટીઓમાં ગાયના છાણમાંથી બનાવેલી ગણેશમૂર્તિનું સ્થાપન કરાશે.**
- **ફરી હીરોશીમામાં ભૂસ્ખલન ૫૦નાં મૃત્યુ.**
- **મરોલી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસર લાખો રૂપિયાનો દારૂ આરોગ્ય કેન્દ્રમાં જ રાખતાં ઝડપાયાં.**
- **ઈબોલાના કારણે આફ્રિકાના અનેક દેશોમાં અર્થતંત્રને મોટો ફટકો.**
- **કાશ્મીર સરહદે યુદ્ધ જેવી સ્થિતિ, ગામડાઓ ખાલી થવા લાગ્યા.**
- **દેશભરની શાળાઓમાં મોબાઈલ ઝામર લગાડવાની તૈયારીઓ.**
- **સુરત જિલ્લાના ઈચ્છાપરિ ગામના મહિલા તલાટી ઉચાપત કરી ગુમ થયા.**
- **આજથી સમગ્ર વિશ્વમાં 'ચક્ષુદાન' પખવાડિયાની ઉજવણી.**
- **આજથી મા અંબાના ધામ અંબાજી તરફ પગપાળા સંઘના પ્રયાણ શરુ થશે.**
- **આજે શ્રાવણી માસની સોમવતી અમાસે શિવ મંદિરોમાં માનવ મહેરામણ ઉમટયો.**